# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે.**
2. **184 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડીનો વધુ એક આરોપી પાટણથી ઝડપાયો.**
3. **સૌરાષ્ટ્ર વિશ્વ વિદ્યાલયે મોબાઇલ ફોનના ઉપયોગ વિના થતી ચિંતાને ઓળખવા માટે મનોવૈજ્ઞાનિક પરીક્ષણ વિકસાવ્યું.**
4. **10 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા રાજ્ય નું સૌથી ઠંડુ શહેર બન્યું.**
5. **ત્રણ મેચની એક દિવસીય ક્રિકેટ શ્રેણીમાં આજે રાયપુરમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજો મુકાબલો.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

## CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે , જેમાં અમદાવાદને રાષ્ટ્રમંડળ રમતોનું યજમાનપદ મળવા બદલ અભિનંદન ઠરાવ પસાર થશે.

બેઠકમાં ટેકાના ભાવે વિવિધ જણસોની ખરીદી , કૃષિ રાહત પેકેજના ચૂકવણા તેમજ રવિ સીઝનના વાવેતર માટે કેનાલમાં પાણી છોડવા અંગે ચર્ચા કરાશે. બેઠક દરમિયાન, રાજ્યના રોડ-રસ્તાઓ અંગે પ્રભારી મંત્રીઓને સોંપેલા જિલ્લાઓની કામગીરીની ચર્ચા પણ કરવામાં આવશે.

આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના આગામી ગુજરાત પ્રવાસની તૈયારી અંગે સમીક્ષા થશે.

---

## PAKISTAN CYBER FRAUD

પાકિસ્તાન સાથે જોડાયેલા સાયબર ફ્રોડમાં વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા સુરતથી ગૌરવ કાકડીયા નામના આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે.

આરોપીના બેંક એકાઉન્ટમાંથી 19 કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. આ કેસમાં અત્યાર સુધી 8 આરોપીની ધરપકડ થઈ છે તેમ પોલીસ અધિક્ષક સંજય કેશવાલાએ જણાવ્યું.

**બાઈટ : સંજય કેશવાલા, SP, સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ**

---

# PATAN CYBER FRAUD

184 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડીનો વધુ એક આરોપી પાટણથી ઝડપાયો છે. સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે રાકેશ જોશી નામના આરોપીની ધરપકડ કરી છે.

આ અગાઉ પણ બે આરોપીને પકડી પાડવામાં આવ્યા હતા. આ આરોપીઓ સામે વિવિધ 196 ફરિયાદો નોંધાઈ છે તેમ પોલીસ અધિક્ષક સંજય કેશવાલાએ જણાવ્યું.

**બાઈટ : સંજય કેશવાલા, SP, સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ**

---

# AHMEDABAD SIR

મતદારયાદી વિશેષ સઘન સુધારણા- **SIR** અંતર્ગત અમદાવાદ જિલ્લામાં બૂથ સ્તરના અધિકારી- **BLO**ની સહાય માટે મહાનગરપાલિકા , જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા મહિલા અને બાળ વિકાસ કચેરી, નાયબ શ્રમ આયુક્ત કચેરી, **UGVCL** સહિતના સરકારી વિભાગો અને કચેરીઓમાંથી સહાયક કર્મચારીઓની નિયુક્તિ કરવામાં આવી છે.

બીજી તરફ જિલ્લામાં આ ઝુંબેશ અંતર્ગત **62** લાખ **59** હજાર મતદારોમાંથી **70** ટકાથી વધુ ગણતરી પત્રકોનું ડિજિટાઇઝેશન થઈ ગયું છે. આ અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુજીત કુમારે વધુ માહિતી આપી.

**બાઇટ : સુજિત કુમાર – કલેક્ટર**

---

# SAURASHTRA UNIVERSITY NOMOPHOBIA

સૌરાષ્ટ્ર વિશ્વ વિદ્યાલયના મનોવિજ્ઞાન વિભાગે મોબાઇલ ફોનના ઉપયોગ વિના રહેવાથી થતી ચિંતાને ઓળખવા માટે એક નવું નોમોફોબિયા મનોવૈજ્ઞાનિક પરીક્ષણ વિકસાવ્યું છે. આ પેપર અને પેન્સિલ પરીક્ષણ , બેટરી ખતમ થવા પર, નેટવર્ક નબળું પડવા પર અથવા ફોન છીનવાઈ જવા પર ગભરાટ જેવા લક્ષણોની તીવ્રતાને માપે છે.

આ પરીક્ષણને ભારત સરકાર તરફથી કૉપિરાઇટ મંજૂરી મળી છે અને તે મોબાઇલ-વ્યસન-સંબંધિત તકલીફને ઓળખવા , સલાહ આપવા અને ઘટાડવામાં મદદ કરશે. આ અંગે સૌરાષ્ટ્ર વિશ્વ વિદ્યાલયના મનોવિજ્ઞાન વિભાગના મદદનીશ પ્રોફેસર ડૉ.ધારા દોશીએ વધુ માહિતી આપી.

## બાઇટ : ડૉ.ધારા દોશી, મદદનીશ પ્રોફેસર

---

# RAJPAL AACHARY DEVVRAT ON PARSI FUNCTION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં અમદાવાદમાં 'ધ અવર ઓફ રેકગ્નિશન એન્ડ ડેડિકેશન' કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ અરીઝ ખંભાતા સિનિયર સિટીઝન હોમના 3D મોડલનું અનાવરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં સમાજસેવા અને અન્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર પારસી સમુદાયના શ્રેષ્ઠીઓને રાજ્યપાલશ્રીએ 'પારસી રત્ન' એવોર્ડથી સન્માનિત કર્યા હતા.

અરીઝ ખંભાતા સિનિયર સિટીઝન હોમનો ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આ સિનિયર સિટીઝન હોમ પારસી સમુદાયની સંસ્કૃતિ અને સંસ્કારોને પ્રસ્તુત કરે છે.

વધુમાં તેમણે કહ્યું કે દેશના વિકાસમાં રાષ્ટ્રભક્ત એવા પારસી સમુદાયનું બહુ મોટું યોગદાન રહ્યું છે. ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે પોતાનાં ઉત્કૃષ્ટ યોગદાન થકી આ સમુદાયે દેશમાં સતત સન્માન પ્રાપ્ત કર્યું છે.

---

## WEATHER

પવનોની દિશા બદલાતા રાજ્યમાં ઠંડીનું જોર ઘટ્યું છે. હવામાન વિભાગ અનુસાર આગામી સાત દિવસમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં. જોકે ત્યારબાદ ઠંડી વધી શકે છે.

બીજી તરફ રાજ્યમાં 10 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુ શહેર બન્યું છે. છેલ્લા 24 કલાકમાં નલિયાના તાપમાનમાં 4.8 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.

---

## RAJKOT POLICE HOCKEY

રાજકોટમાં આવતીકાલથી 74મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ શરૂ થશે. આ ચેમ્પિયનશિપમાં દેશભરના વિવિધ રાજ્યો અને વિવિધ અર્ધલશ્કરી દળોના હોકી ખેલાડીઓની ટીમો ભાગ લેશે.

આ અંગે શહેરના DCP જગદીશ બાંગરવાએ વધુ માહિતી આપી.

# બાઇટ : જગદીશ બાંગરવા, DCP

---

## CRICKET

પુરુષ ક્રિકેટમાં , ભારત આજે રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ત્રણ મેચની ODI શ્રેણીની બીજી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે રમશે. આ મેચ બપોરે 1:30 વાગ્યે શરૂ થશે.

પ્રથમ ODIમાં દક્ષિણ આફ્રિકાને 17 રનથી હરાવ્યા બાદ ભારત હાલમાં શ્રેણીમાં 1-0થી આગળ છે.

---

## PORBANDAR WATER SPORTS

પોરબંદરના દરિયાકિનારે વોટર સ્પોર્ટ્સ અને સ્કુબા ડાઇવિંગ શરૂ થશે. દરિયાકિનારે વોટર સ્પોર્ટ્સની પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે ગોવાની એજન્સીના અધિકારીએ પોરબંદર મહાનગરપાલિકાના અધિકારી સાથે ચર્ચા કરી હતી.

મહાનગરપાલિકા દ્વારા નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ વોટર સ્પોર્ટ્સ ગોવાને વોટર સ્પોર્ટ્સ એકટિવિટી તથા સ્કુબા ડાઇવિંગની ફિસીબિલિટી ચેક કરવા રજૂઆત કરવામાં આવી છે જે અન્વયે આગામી સમયમાં મહાનગરપાલિકાને પ્રસ્તાવ આપવામાં આવશે.

---

# SCHOLARSHIP EXAM

**સરકારની વિવિધ પ્રોજેક્ટ શાળાઓમાં પ્રવેશ માટેની અને મુખ્યમંત્રીની જ્ઞાનસેતુ મેરિટ શિષ્યવૃત્તિ માટેની આગામી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે ફોર્મ ભરવાની શરૂઆત થઈ ગઈ છે. આ પરીક્ષા 31 જાન્યુઆરીએ રાજ્યભરના વિવિધ કેન્દ્રો પર લેવામાં આવશે.**

**આ પરીક્ષા માટે 15 ડિસેમ્બર સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. 120 પ્રશ્નો અને 120 ગુણની આ પરીક્ષા અઢી કલાકની રહેશે. ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં પ્રશ્નપત્ર અપાશે.**

**ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ શાળા , જ્ઞાનશક્તિ ટ્રાઈબલ રેસિડેન્સિયલ શાળા અને રક્ષા શક્તિ શાળાઓ શરૂ કરી છે. આ પ્રોજેક્ટ શાળામાં ધોરણ 6મા વિદ્યાર્થીઓને પરિક્ષાના પરિણામના આધારે પ્રવેશ અપાય છે. આ પરીક્ષામાં ધોરણ 5નો અભ્યસક્રમ ધ્યાને લેવાશે.**

---

# PALAK MAATA PITA YOJANA -DANG

આદિવાસી વિસ્તાર ધરાવતા ડાંગ જીલ્લામાં સરકારની "પાલક માતા પિતા યોજના " નો લાભ જિલ્લાના 398 બાળકોને મળી રહ્યો છે. 18 વર્ષ સુધીના અનાથ બાળકોને શિક્ષણ માટે અપાતી સહાયની આ યોજના થકી ડાંગના સુબીર , વઘઇ, અને આહવા તાલુકાનાં અનાથ બાળકો અભ્યાસ કરી રહ્યા છે.

સમાજ સુરક્ષા દ્વારા આ યોજના હેઠળ આવા બાળકોને દર મહિને ૩ હજાર રૂપિયાની શિક્ષણ સહાય આપવામાં આવે છે જે પાલક માતા પિતા માટે અભ્યાસ ખર્ચમાં આશીર્વાદરૂપ સાબિત થાય છે.

---